# ‘14 લૉયર્સ : પોઈટ્રેટ ફ્રોમ ધ ઈન્ડિયન બાર’ ન્યાયક્ષેત્રની અજાણી-રસપ્રદ ઘટનાઓને બયાન કરતું પુસ્તક

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

જાન્યુઆરી 1979માં ‘રાષ્ટ્રિય પોલિસ આયોગ’ના સભ્ય કે. એફ. રૂસ્તમજીના બે લેખ ‘ઈન્ડિયન એક્સપ્રેસ’માં પ્રકાશિત થયા હતા. રૂસ્તમજી બિહારના જેલોની મુલાકાત લીધી હતી અને તેમણે પોતાના લેખોમાં દર્શાવ્યું હતું કે અદાલતમાં ટ્રાયલ ચાલતી હોય તેવા કેદીઓ મોટી સંખ્યામાં અવગણના અને ઉદાસીનતાનો શિકાર બન્યા હતા. કાચા કામના આ કેદીઓના કેસ પર કોઈ નિર્ણય આવ્યો નહોતો, તેથી તેઓ જેલમાં હતા - ક્યાંક તેમના કાગળ ખોવાયા હતા, તો વળી ક્યાંક તેઓ જામીનની નિર્ધારીત રકમ ભરવા માટે અક્ષમ હતા અને ઘણા સ્થાને તેઓ માત્ર જેલ કાર્યાલયોની ભૂલોના કારણે કેદી હતા. તેમાંથી કેટલાંક તો લાંબા સમયથી જેલમાં હતા કે તેમના પર મુકદ્દમો ચાલે, દોષિત ઠેરવવામાં આવે અને કહેવાતા આરોપોમાં તેમને મહત્તમ સજા પણ આપવામાં આવી હોત, તો પણ જેલમાં જેટલો સમય વિતાવ્યો હતો તે કરતા ઓછો સમય તેમને




જેલમાં ગાળવાનો આવત. સૌથી ચિંતાજનક વાત એ હતી કે મહિલાઓ અને બાળકોને કોઈ પણ કારણ દર્શાવ્યા વિના ‘પ્રોટેક્ટિવ કસ્ટડી’ના નામે જેલમાં રાખવામાં આવ્યા હતા.

ઉપરના વિષય સાથે નિર્મલ હિંગોરાની અને કપિલા હિંગોરાનીની કથા જોડાયેલી છે. તેનું અનુસંધાન એ રીતે થાય છે - આ અંગે નિર્મલ-કપિલા હિંગોરાનીએ જે જાહેર હિતની અરજી [PIL] કરી હતી; તે દેશની પ્રથમ જાહેર હિતની અરજી હતી. કપિલા હિંગોરાનીને આ રીતે કેસોમાં જોવા મળતી નિરસતાથી અસંતોષ હતો અને લોકોનું જીવન વધુ સારૂં બને તે માટે તેઓ વધુ સાર્થક પ્રયાસ કરવા ઈચ્છતા હતાં. નિર્મલ અને કપિલા હિંગોરાનીએ રૂસ્તમજીનો અહેવાલ વાંચ્યો તો તેઓ સ્તબ્ધ થઈ ગયાં અને તેમણે આ અંગે કશુંક ઠોસ કરવાનો નિશ્ચય કર્યો. નિર્મલે આ કમનસીબ લોકો વતી એક અરજી દાખલ કરવાનો વિચાર કર્યો, જેમાં બંધારણના અનુચ્છેદ 32 અંતર્ગત સર્વોચ્ચ ન્યાયાલયના હસ્તક્ષેપની જવાબદારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ સહેજેય સરળ કામ નહોતું, કારણ કે અરજી દાખલ કરવા માટે locus standi એટલે કે અરજીકર્તાનો તે ફરિયાદ પ્રત્યે પ્રત્યક્ષ રૂપે કોઈ સંબંધ હોવો જરૂરી માનવામાં આવતો હતો. સર્વોચ્ચ ન્યાયાલયની રજિસ્ટારે હિંગોરાનીની અરજી પર વાંધો ઊઠાવ્યો; કારણ કે તેમાં વકિલાતનામું નહોતું. અર્થાત એવો દસ્તાવેજ જેમાં અરજીકર્તા પોતાના વકીલને મુકદ્દમો દાખલ કરવા માટે અધિકાર આપે છે. - અને ઉપરાંત અરજી ન્યાયાલયના નિયમો અનુસાર પણ નહોતી.

અરજી માત્ર બે પાનાંની હતી, જેમાં રૂસ્તમજીના અહેવાલમાં દાખવવામાં આવેલા તથ્યો અને કાયદાના છેદ ઉડાવવાનો ઉલ્લેખ હતો. જોકે કપિલા અરજી આપવા માટે મક્કમ હતાં અને તેણે કહ્યું કે અરજીમાં ખામી હોવા છતાં અરજીને દાખલ કરવામાં આવે. તેમણે રજિસ્ટ્રારને કહ્યું કે તેઓ આ મુદ્દા સીધા જ ન્યાયાધીશ સામે ઉઠાવવા માંગે છે. એ રીતે આખરે ‘હુસૈનારા ખાતુન વિ. ગૃહ ખાતાના સેક્રેટરી- બિહાર રાજ્ય’ના મથાળેથી કેસ અંતે ન્યાયાલયની સમક્ષ દાખલ કરવામાં થયો. પરિણામસ્વરૂપે ન માત્ર રૂસ્તમજીના લેખોમાં જે કેદીઓનો ઉલ્લેખ હતો, તેમને અંગત બોન્ડ પર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. બલ્કે ઝડપથી સુનાવણીના અધિકારને પણ મૌલિક અધિકારરૂપે માન્યતા આપવામાં આવી. ન્યાયાલયોમાં જામીન વ્યવસ્થા અંગે વ્યાપક સુધારના નિર્દેશ પણ કરવામાં આવ્યા, કારણ કે આ વ્યવસ્થા ‘ગરીબી સિવાય અન્ય કોઈ પણ ગુના અર્થે’દંડીત કરતી નહોતી.

આ કેસ પછી અન્ય રાજ્યોમાં પણ આ સ્થિતિ હતી તેવા અંદાજે 40,000 લોકોને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. કપિલા અને નિર્મલે સમાજના સૌથી નબળા અને શક્તિહિન લોકો માટે હરહંમેશ અથાક રીતે કામ કર્યું. જ્યારે બિહારના એક વકીલે કપિલા હિંગોરાનીને પત્ર લખીને જણાવ્યું કે ભાગલપુર પોલીસ અધિકારીઓએ લોકોને એસિડથી અંધ કરી દીધા છે, તો કપિલાએ ન માત્ર આ ભયાવહ અપરાધિક કૃત્ય અર્થે તપાસની માંગ કરી હતી, બલકે પીડિતોને વળતર મળવું જોઈએ તે માંગણી પણ ઊઠાવી હતી.”

આ પૂરૂં વર્ણન જે પુસ્તકમાંથી આપવામાં આવ્યું છે તેનું નામ છે : ‘14 લૉયર્સ - પોઈટ્રેટ ફ્રોમ ધ બાર’. આ પુસ્તકના લેખક જાણીતા વકિલ રાજુ રામચંદ્રન છે. રાજુ રામચંદ્રન તે પછી એડિશનલ સોલિસિટર જનરલના પદે પણ રહી ચૂક્યા છે. સામાન્ય રીતે ન્યાયાલય સંબંધિત કોઈ અસમાન્ય વાત જો કેસ સંદર્ભે હોય તો બહાર આવે છે; બાકી તે વાતો ન્યાયક્ષેત્રમાં દબાઈ જાય. પરંતુ અહીંયા લેખક રાજુ રામચંન્દ્રન એવી ઘણી વાતો પ્રકાશમાં લાવ્યા છે. ઉપરનો જે કિસ્સો છે તેમાં તેઓ આગળ લખે છે કે, ‘એ સમય દરમિયાન કપિલા હિંગોરાનીએ વ્યાપક રીતે દેશમાં ‘મધર ઑફ પબ્લિક લિટિગેશન’તરીકે ઓળખાયાં. 1994માં કપિલાએ રાંચીની મેન્ટલ હોસ્પિટલમાં થઈ રહેલી ગેરરીતિનો પર્દાફાશ કર્યો હતો. તે વખતે સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ વૈંકટચલિહાએ તેમનાં કાર્ય બદલ તેમની પ્રશંસા પણ કરી હતી.’આ રીતે નિર્મલ અને કપિલા હિંગોરાની આજીવન લોકો માટે લડતાં રહ્યાં. 2013માં કપિલા હિંગોરાનીનું અવાસન થયું અને તે પછી થોડા સમયમાં નિર્મલ હિંગોરાનીનું પણ અવસાન થયું. પુસ્તકના લેખક નોંધે છે કે સુપ્રિમ કોર્ટની લાઈબ્રેરીમાં એક માત્ર કોઈ યુગલની તસવીર લગાવવામાં આવી હોય તો તે કપિલા અને નિર્મલ હિંગોરાની છે.


આવો એક અન્ય ઉલ્લેખ શ્યામલા પપ્પૂ નામનો છે, જેઓ સુપ્રિમ

**સુપ્રિમ કોર્ટની લાઇબ્રેરીમાં એક માત્ર કોઇ યુગલની તસવીર લગાવવામાં આવી હોય તો તે કપિલા અને નિર્મલ હિંગોરાની છે**

કોર્ટમાં પ્રેક્ટિસ કરતાં હતાં. ઉપરાંત તેઓ દેશના લૉ કમિશનનાં સભ્ય પણ રહી ચૂક્યાં હતાં અને તે સંબંધે અનેક કૉન્ફરન્સમાં પણ સામેલ થયા હતા. 2009માં તેમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. શ્યામલા પપ્પૂ વિશે રાજુ રામચંદ્રન પુસ્તકમાં લખે છે કે, ‘શ્યામલા પપ્પૂએ પોતાની પ્રેક્ટિસ બેંગ્લોરમાં સિવિલ કેસ દ્વારા કરી હતી. દિલ્હી આવ્યાં પછી તેમણે મજૂર અને બંધારણ સંબંધિત કેસોમાં પણ પેરવી કરતાં હતાં. ખૂબ જાણીતા કેસોમાં તેઓ રહ્યાં તેમાંના એક છે તે ‘દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિ. મજદૂર કૉંગ્રેસ’અને બીજો ‘ઈન્દ્રા સાહની વિ. ભારત સરકાર’. ટૂંક સમયમાં તેમની ઓળખ મહિલા અધિકાર અર્થે લડનારા વકીલ તરીકે થઈ હતી. તેઓ મહિલા અર્થે કોર્ટમાં કેસ તો લડતાં જ હતાં, પરંતુ સાથે સાથે તેમને ન્યાયિક રીતે મદદ મળે તે માટે પ્રયત્નશીલ રહેતાં. 1975માં આંતરરાષ્ટ્રિય મહિલા વર્ષ ઉજવાયું હતું તે સમયે સંયુક્ત રાષ્ટ્રના સંમેલનમાં ભારતનું પ્રતિનિધિત્વ પણ તેમણે જ કર્યું હતું. વ્યક્તિગત બાબતોના કાયદાઓમાં થતાં પરિવર્તનના તેમણે અનેક પ્રયાસ કર્યા અને પરસ્પર સંમતિ દ્વારા છૂટાછેડા થઈ શકે - તે કાયદાની અનુમતિ તેમનાં દ્વારા મળી છે. 1975માં ભારત સરકારનું એક પ્રકાશન થયું હતું - ‘ઈન્ડિયન વુમન’આ સંકલનમાં ભારતની મહિલાઓનું સ્થાન ક્યાં છે તે વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોએ લખ્યું હતું, તેમાં શ્યામલા પપ્પૂએ કાયદા સંદર્ભે મહિલાઓની સ્થિતિ દર્શાવી આપી હતી. તેમણે પોતાનાં લેખનમાં મહિલાઓને સામાજિક અને આર્થિક આઝાદી મળે અને તેઓ સક્ષમ બને તેવી વકાલત તો કરી હતી, સાથે-સાથે તે અંગે કાયદા ઘડવાની પણ માંગણી કરી હતી. તેમનુ સૂચન હતું કે વ્યક્તિ પોતાની મરજીથી લગ્ન કરી શકે અને પોતાની મરજીથી તે છૂટાછેડા લઈ શકે. ઉપરાંત મહિલાઓને પોતાનાં બાળકોની કુદરતી રીતે અભિભાવક બનવાનાં અધિકારની પણ માંગણી કરી હતી.’શ્યામલા પપ્પૂ એ રીતે પણ ઓળખાતાં હતાં કે તેમની વડાં પ્રધાન ઈન્દિરા ગાંધી સાથે ખૂબ સારાસારી છે.

આ અંગેની એક ઘટના પણ લેખક ટાંકતા લખે છે કે, જ્યારે ખૂબ જાણીતાં વકિલ રામ જેઠમલાણી ઈન્દિરા ગાંધી વિરૂદ્ધ કટોકટી લાદવા અંગે અમેરિકામાં પ્રચાર કરી રહ્યા હતા, ત્યારે ઈન્દિરા ગાંધીને લાગ્યું કે રામ જેઠમલાણીને જવાબ આપવા માટે કોઈને દેશમાંથી અમેરિકા મોકલવા જોઈએ. તે વખતે ઈન્દિરા ગાંધીએ જે નામ પસંદ કર્યું - તે શ્યામલા પપ્પૂનું હતું. જોકે અમેરિકા ગયા બાદ શ્યામલા પપ્પૂ જે પણ પ્લેટફોર્મ પર ગયાં ત્યાં તેમને રામ જેઠમલાણી હાજર હોવા જોઈએ તો જ બોલવા દેવાશે તેવી શરત મૂકવામાં આવી હતી.

તેમણે રામ જેઠમલાણી સામે સીધો સંવાદ કરવાનું મુનાસિબ માન્યું નહીં, અને તેથી મહિનાઓ સુધી અમેરિકા રહ્યાં બાદ તેઓ ઈન્દિરા ગાંધી વતી કોઈ જ જાહેર રજૂઆત કર્યા વિના પાછાં ફર્યાં હતાં. રાજુ રામચંદ્રનને આવાં અનેક કિસ્સાં પુસ્તકમાં ટાંક્યા છે. ન્યાયક્ષેત્રની અજાણી અને રસપ્રદ વાતોથી આ પુસ્તક સમૃદ્ધ છે.



# ગુરૂ દેવો ભવ: - વીતેલા શિક્ષક દિવસે દિલથી

મિજાજ મસ્તી
સંજય છેલ

**ટાઇટલ્સ: ભણતર અને ચણતરમાં પાયો અગત્યનો છે. (છેલવાણી)**

વીસ વરસ પછી આજે અમારા ‘ક્લાસ-ટીચર’ મળી ગયા.
સહેજ વીલું મોં, પ્રાણ વિનાનાં પગલાં, જૂનો કોટ,
શાળાની નોકરીએ એમને આટલો જ વૈભવ આપ્યો છે.
હવે રિટાયર્ડ થયા છે.
સિંહ જેવો એમનો રોફ હતો.
એમનો અવાજ નહીં, એમની ત્રાડ આખા ક્લાસને ધ્રુજાવતી.
એ અમને ઊભા કરતા ને અમે પાટલૂનમાં થરથરતા.
એક દિવસ ખરાબ અક્ષર માટે
એમણે મને હાથ પર ફૂટ મારેલું.
તે હજી યાદ છે.
આજે મને ઢીલા અવાજે કહે,
તને તો ખબર છે મારા અક્ષર સુંદરને મરોડદાર છે,
અને હું હિસાબના ચોપડા પણ લખી શકું છું.
તારી ફેક્ટરીમાં....’

‘ફૂટપટ્ટી’ નામની વિપીન પરીખની આ કવિતા, ગઇકાલે શિક્ષક દિવસે યાદ આવી ગઇ. દર વરસની જેમ, ‘શિક્ષક દિવસ’ આવ્યો ને ગયો, પણ આપણાં જીવનને ‘જીવન’ બનાવનાર શિક્ષક, જીવનભર ત્યાંના ત્યાં જ રહી જતા હોય છે. કોઇએ કહેલું: “જો મારી ખૂબ પૈસા આવે તો હું શું કરૂં? એક સેનેટોરીયમ કે વિશ્રામગૃહ બનાવું જ્યાં ગામડાંનાં ગરીબ તરછોડાયેલાં શિક્ષકોને રાખું. મોટાં રૂમ, મોટી બારીઓ, હવા ઉજાસવાળાં મકાનમાં થાકેલા-હારેલા ને સમાજમાં નક્કામાં ગણાતા ટીચર્સને ત્યાં પ્રેમથી સાચવું. એ સેનેટોરીયમમાં લાઈબ્રેરી, મ્યુઝિક રૂમ હોય, ફૂલોનો બગીચો હોય... શિક્ષકોને ખુશહાલ જીવન શું છે?- એની ખબર હોવી જોઈએ. એક ઉદાસ બોરિંગ ટીચર, આપણાં બાળકોને શું ભવિષ્ય આપી શકે?”

આ શબ્દો, રશિયાનાં જ નહીં પણ વિશ્વનાં અદ્દ્ભૂત વાર્તાકાર ચેખોવે છેક 1900માં, ત્યારનાં રશિયન પ્રાથમિક શિક્ષકો માટે કહ્યા હતા, જે આજે ય શું આપણાં સમાજને લાગુ નથી પડતા? ચેખોવ કહે છે: “શિક્ષક તો કલાકાર હોવો જોઈએ. જે પોતાનાં કામને પ્રેમ કરતો હોય પણ આપણે ત્યાં શિક્ષક એટલે એક ગામથી બીજે ગામ વેઠીયું કરવા જતો થાકેલો હારેલો માણસ છે, જેને જાણે જીવનમાંથી દેશવટો મળ્યો ના હોય! ગામનાં વેપારીઓ, પોલીસકર્મીઓ એને હડધૂત કરે છે, માસ્તર-માસ્તર કહીને એના પર ઓર્ડરો કરે છે. શા માટે? ખખડધજ મકાનોમાં -તડકો-વરસાદ વેઠીને ભણાવતો શિક્ષક, દિવસને દિવસે દુર્બળ અને મરિયલ બનતો જાય છે. એ શું દેશનું ભાવિ બનાવશે?’’ દિલ પર હાથ મૂકીને કહેજો કે આઝાદીના 79 વરસ બાદ આપણાં સમાજને પણ આ વાત લાગુ નથી પડતી?

ખરેખર તો શિક્ષકો માત્ર સ્કૂલ ક્લાસ રૂમ પૂરતા જ નથી હોતા. તમને પહેલીવાર સાઇકલ શીખવનાર મિત્ર, જીમનેશિયમમાં ડંબેલ્સ પકડતા શીખવનાર ટ્રેનર કે પ્રણયમાં પહેલ કિસ કરતા શીખવનાર પ્રેમી-પ્રેમિકા કે પછી સારા ખરાબ દિવસોમાં તમે જેને સાથ આપ્યો હોય એ જ્યારે દગાબાજી કરે ત્યારે દોરંગી દુનિયાનો દાખલો શીખવનાર દોસ્ત પણ જાણે-અજાણે તમારો શિક્ષક જ છે. માતા-પિતાથી લઇને મહોબ્બતમાં દગો દેનારા કે માલમત્તામાં મૂંડી નાખનાર સહુ લોકો શિક્ષક જ હોય છે. લાઇફનાં દરેક તબક્કે સારા ડોક્ટરથી લઇને ફૂનેહબાજ વકીલો, તમને જીવતા કે મરતા હરપલ હંમેશ શીખવે જ રાખે છેને? જીવતરનો આખરી ઘંટ વાગે ત્યાં સુધી જીવન નામનો ક્લાસ, કદીયે ખતમ જ નથી થતો. શતરૂપે શિક્ષક મરતો જ નથી.

**ઈંટરવલ:**
**સબ કુછ સીખા હમને**
**ના સીખી હુંશિયારી. (શૈલેંદ્ર)**

મહાન ફિલ્મ નિર્દેશક હ્રિષિકેશ મુખરજીએ ત્યારના દિનરાત શૂટિંગ કરનારા સુપરસ્ટાર રાજેશ ખન્નાને એકવાર પૂછેલું કે શીખવેલું કે- “તુમને કભી ઉગતે હુએ સૂરજ કો દેખા હૈ? વો દેખો, ફિર તુમ્હે જીવન ક્યા હૈ સમઝમેં આયેગા! સ્ટારડમ તો આયેગા-જાયેગા..” અને પછી એ જ રાજેશ ખન્નાને એમને અભિનેતા તરીકે ઘડનારા રંગભૂમિના નિર્દેશક વી.કે.શર્માને જતી જિંદગીએ ‘અવતાર’ જેવી અમુક હિટ ફિલ્મો લખવા અપાવીને ‘ગુરૂ-દક્ષિણા’ આપેલી! તો 1980-90ના દાયકાના સફળ નિર્દેશક મહેશ ભટ્ટે એમના હીંદી સાહિત્યકાર-ટીચર જે.પી.દિક્ષીત પાસે ‘સર’ જેવી સુંદર ફિલ્મ લખવા આપેલી જેથી એમને કામ અને પૈસા મળે.

હિન્દીનાં સ્ટાર-વ્યંગકાર શરદ જોષી શિક્ષકો કે શિક્ષણ માટે કહે છે: “શિક્ષણ એ એક એવી બગડેલી ગાડી છે, જેના સ્પેરપાર્ટ્સ હવે રિપેર કરવા પડે છે અથવા બદલવા પડે એમ છે. માત્ર શિક્ષણની ગાડીમાં જ નહીં ગાડી ચલાવનાર ડ્રાઈવરમાં પણ સુધારો કરવો પડે અને જરૂર પડે એને બદલવો પણ પડે..... અરે! કેટલાક શિક્ષકો અને પ્રોફેસરોને પૂછો તો તેઓ તેમના વિદ્યાર્થીઓ બદલવા માંગે છે! તો વળી વિદ્યાર્થીઓ કેટલાક શિક્ષકો અને પ્રોફેસરોને બદલવા માંગે છે?”

**દર વરસની જેમ, ‘શિક્ષક દિવસ’ આવ્યો ને ગયો, પણ આપણાં જીવનને ‘જીવન’ બનાવનાર શિક્ષક, જીવનભર ત્યાંના ત્યાં જ રહી જતા હોય છે**

તો વળી ભારતમાં લોકશિક્ષણનું સૌથી મોટું કામ કરનાર આજનાં બદનામ બોખા બાપુ ઉર્ફે ગાંધીજીએ શિક્ષણ વિશે શું કહેલું? વાંચો-

“શિક્ષણ, ચારિત્ર્ય અને ધર્મ એ ત્રણે શબ્દોને એકબીજાની પર્યાય ગણવા જોઈએ. જ્યાં ચારિત્ર્યનું ઘડતર ન થતું હોય એ સાચું શિક્ષણ હોઈ જ ન શકે. સમગ્ર જીવનને આવરી લે એનું નામ શિક્ષણ. ખાલી ગોખણપટ્ટી કે પુસ્તકિયું જ્ઞાન સાચું શિક્ષણ નથી.”

--------

“કેળવણીનો હેતુ માત્ર પૈસા કમાવાનો નથી પણ સારા માણસ બનવાનો છે. જો આ હેતુ પાર ન પડે તો કેળવણી પર નાખેલા પૈસા નકામા ગયા સમજવું.”

--------

“જે શિક્ષક, વિદ્યાર્થીઓના મગજને અગણિત હકીકતો ભરી મૂકવાનું કબાટ બનાવી મૂકે છે, એ પોતે કેળવણીનો પહેલો પાઠ જ નથી શીખ્યો.”

----------

છેલ્લે વન્સ અગેઇન, કોઇ પ્રેમ કે પેશનનો સંબંધ ના હોય તો યે જેના ખભે રડી શકીએ એવી કોઇ ગર્લ-ફ્રેંડ કે આંગળી ઝાલીને અક્ષરનો મરોડ શીખવનાર કે પાર્કિંગ શીખવતો વોચમેન કે જોડણીથી માંડીને જીવનને જોતાં શીખવનાર મુરબ્બીઓ જેવા અનેક અનામ અજાણ્યા ગુરૂઓને આજે હૈયાથી હજારો વંદન.

અંગૂઠો કાપીને નહીં પણ દિલ આપીને.

**એન્ડ-ટાઇટલ્સ:**
**આદમ: તું ખરેખર ગુરૂ છે.**
**ઈવ: બસ બોલ નહીં, પાસે આવ.**

# બોગસ ઇજાથી સ્પોટ ફિક્સિંગથી લઇ ખોટી ઉંમર સહિતનો પાકિસ્તાન ક્રિકેટનો વિવાદી ઇતિહાસ

ખેલખેલમેં

પાકિસ્તાની ક્રિકેટનો ઈતિહાસ મેદાન પરના પ્રદર્શન માટે જેટલો પ્રખ્યાત છે તેટલો જ મેદાનની બહાર પણ તેના ખેલાડીઓની વિચિત્ર અને વિવાદાસ્પદ હરકતો માટે કુખ્યાત છે. પાકિસ્તાની ક્રિકેટરો ઘણીવાર પોતાની ક્રિયાઓ, બેજવાબદાર વલણ અને ખોટા દાવાઓ દ્વારા પોતાને હાસ્યનો વિષય બનાવતા આવ્યા છે. પાકિસ્તાની ટીમના તાજેતરના ઈંગ્લેન્ડ પ્રવાસમાં જ આવી જ એક ઘટના જાહેર થઈ છે કે જેના કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ આકરા પગલાંઓ ભરીને સાત ખેલાડીઓ તેમજ બે કોચને ઘરભેગા કરવાનો નિર્ણય કરવાનો વારો આવ્યો હતો. ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ દરમિયાન તેમના ઓપનિંગ બેટ્સમેન ઈમામ-ઉલ-હકે કોઈક કારણોસર ઈજાનો ઢોંગ કર્યો હતો અને તે બંને ઈનિંગમાં બેટિંગમાં આવ્યો નહોતો અને આ ટેસ્ટ પાકિસ્તાન ખરાબ રીતે હાર્યું હતું. ઈમામે ઈજાનો ઢોંગ કર્યો હોવાનો પાછળથી પર્દાફાશ થયો હતો. આ પહેલીવાર નથી જ્યારે કોઈ પાકિસ્તાની ખેલાડીએ આવી વાહિયાત હરકતો કરીને દેશને શરમજનક બનાવ્યો હોય; ઈતિહાસ આવા કપટી અને શરમજનક કૃત્યોથી ભરેલો છે.

### ચાલુ ટેસ્ટ સીરિઝમાંથી સાત ખેલાડી બે કોચની હકાલપટ્ટી

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં કારમી હારનો સામનો કર્યા બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી) એક અસામાન્ય નિર્ણય લેતા પ્રવાસે ગયેલી ટેસ્ટ ટીમમાંથી મોહમ્મદ રિઝવાન, ઈમામ-ઉલ-હક, સલમાન અલી આગા, અલી ઉસ્માન, આમેર જમાલ, મુહમ્મદ અવાઈસ ઝફર અને ખુર્રમ શહેઝાદ એમ સાત ખેલાડીઓને તાત્કાલિક ઘરે પરત મોકલી દીધા છે અને ત્રીજી તથા છેલ્લી મેચ પહેલા તેમના સ્થાને સાત નવા ખેલાડી નવા સાત ખેલાડીઓમાં સેમ અયુબ, અબ્દુલ્લા ફઝલ, અરાફાત મિનહાસ, સાદ બેગ, મુહમ્મદ રંધાવા, રઝાઉલ્લાહ અને મુહમ્મદ ઈમરાન જુનિયરને ઈંગ્લેન્ડ મોકલવાની જાહેરાત કરી હતી આ ઉપરાંત, બોર્ડે હેડ કોચ સરફરઝ અહેમદ અને બોલિંગ કોચ ઉમર ગુલને પણ હટાવીને તેમના સ્થાને અનુક્રમે માઈક હેસન અને એશ્લે નોફકેને જવાબદારી સોંપી છે.

### ઇમામ ઉલ હક દ્વારા ઇજાનું નાટક

ઈમામ-ઉલ-હકની ખોટી ઈજાને લઈને ચાલી રહેલા નાટકે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની વિશ્વસનીયતાને ભારે કલંકિત કરી છે. ટીમમાં સ્થાન ગુમાવવાના ડરથી અથવા વ્યક્તિગત કારણોસર આરામ મેળવવા માંગતા ઈમામે હેમસ્ટ્રિંગ ઈજાનો ખોટો દાવો કર્યો હતો, પરંતુ તબીબી અહેવાલો અને તપાસમાં તેના કાર્યોનો પર્દાફાશ થયો હતો. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન બનેલી આ ઘટનાએ સ્પષ્ટપણે દર્શાવ્યું હતું કે પાકિસ્તાની ખેલાડીઓ તેમની જવાબદારીઓથી છટકી જવા માટે કેટલી હદ સુધી ઝૂકી જશે. લોર્ડ્ઝમાં રમાયેલી એ ટેસ્ટમાં પાકિસ્તાન વતી તે બંને ઈનિંગમાં બેટિંગ માટે આવ્યો નહોતો અને પાકિસ્તાની ટીમ વતી માત્ર 10 ખેલાડીએ જ બેટિંગ કરી હતી,



પાકિસ્તાન આ ટેસ્ટ 194 રને હાર્યું હતું. ઈમામની એ ઈજાનો વિવાદ બરોબરનો ગાજ્યો અને પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ દ્વારા આકરા પગલાંઓ ભરાયા.

### ચાલુ મેચે મેદાન પર શાહિદ આફ્રિદીએ બોલ ચાવ્યો

શાહિદ આફ્રિદીનો બોલ ટેમ્પરિંગ અને બોલ ચાવવાનો કેસ પાકિસ્તાની ક્રિકેટ માટે આવી જ એક શરમજનક ક્ષણ હતી. 2010માં ઓસ્ટ્રેલિયા સામેની મેચ દરમિયાન, આફ્રિદીએ મેચનો માર્ગ બદલવાના પ્રયાસમાં દાંત વડે બોલની સીમ કરડવાનું શરૂ કર્યું હતું. તેનું બાલિશ અને અનૈતિક કૃત્ય ટેલિવિઝન કેમેરામાં સ્પષ્ટપણે કેદ થયું. આ ઘટના બાદ, આફ્રિદીની દુનિયાભરમાં મજાક ઉડાવવામાં આવી હતી અને ICC એ તેના પર પ્રતિબંધ મૂક્યો હતો અને આ ઘટનાના કારણે પાકિસ્તાની ક્રિકેટનું દુનિયાભરમાં નીચુજોણું થયું હતું. .

### પાકિસ્તાની ટીમનું ટેસ્ટમાં સ્પોટ ફિક્સિંગ

2010ની લોર્ડ્સ ટેસ્ટ મેદાન પર સ્પોટ-ફિક્સિંગનું સૌથી ભયંકર ઉદાહરણ હતું અને છેતરપિંડીથી નો-બોલ ફેંકીને રાષ્ટ્રીય ટીમની પ્રતિષ્ઠાને કલંકિત કરવામાં આવી હતી. સલમાન બટની કેપ્ટનશીપ હેઠળ, મોહમ્મદ આમિર અને મોહમ્મદ આસિફે પૈસાની લાલચમાં ઈરાદાપૂર્વક પૂર્વનિર્ધારિત સમયે લાંબા નો-બોલ ફેંક્યા હતા. જ્યારે તપાસમાં આ છેતરપિંડીનો પર્દાફાશ થયો, ત્યારે ખેલાડીઓને ઈંગ્લેન્ડમાં જેલની સજા ભોગવવી પડી અને આના કારણે બટ, આમિર તેમજ આસિફને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

**પાકિસ્તાન ક્રિકેટનો ઇતિહાસ વિવાદોથી ભરેલો છે, ઇમામ-ઉલ-હકને બીજી ટેસ્ટ દરમિયાન થયેલી કથિત ઇજાને કારણે પાકિસ્તાન ક્રિકેટ ફરી એકવાર વિવાદમાં સપડાયું છે. પાકિસ્તાન ક્રિકેટ છાશવારે એવા વિવાદોમાં ફસાતું આવ્યું છે કે જેના કારણે વૈશ્વિક સ્તરે તેની હાંસી ઉડતી આવી છે. ખેલાડીઓનું મેદાન પર બોલ ટેમ્પરિંગ, ઉંમરની છેતરપિંડી, ડોપિંગ અને મેચ ફિક્સિંગ જેવા કૃત્યોએ પાકિસ્તાનને હંમેશા શરમમાં નાંખ્યું છે**

### શોએબ અખ્તર-મોહમ્મદ આસિફનું ડોપિંગ

પાકિસ્તાનના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તર સાથે સંકળાયેલ ડોપિંગ કૌભાંડ અને પ્રતિબંધથી બચવા માટે તેમણે આપેલા બહાના હજુ પણ ક્રિકેટ ચાહકોના મનમાં તાજા છે.

2006ની ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા, શોએબ અખ્તર અને મોહમ્મદ આસિફને પ્રતિબંધિત પદાર્થ નેન્ડ્રોલોનનો ઉપયોગ કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા હતા. આ કૌભાંડથી બચવા માટે, ખેલાડીઓ અને બોર્ડે વિચિત્ર દલીલો અને ખોટા બહાનાઓ ઘડ્યા, પરંતુ ઈન્ટરનેશનલ ડોપિંગ વિરોધી એજન્સીના કડક વલણ સામે તેમના એ બહાના અને દલીલો નિરર્થક સાબિત થયા જેનાથી પાકિસ્તાન વિશ્વભરમાં શરમજનક સ્થિતિમાં મુકાયું હતું.

### ખેલાડીઓની વય સંબંધિત છેતરપિંડીના ઘણાં દાખલા

પાકિસ્તાની ખેલાડીઓ દ્વારા ખોટી ઉંમરનો સહારો લઈને દુનિયાને છેતરવાની ઘણી ઘટનાઓ સામે આવી હતી અને તેમના માટે એમ કરવું જાણે કે સામાન્ય બની ગયું હતું. આનું એક મુખ્ય ઉદાહરણ શાહિદ આફ્રિદી પોતે છે કે જેણે પોતાને 16 વર્ષનો ગણાવીને ક્રિકેટના મેદાન પર કરેલા રેકોર્ડ ખોટી રીતે પોતાના નામે ચઢાવ્યા હતા.મજાની વાત એ છે કે આફ્રિદીએ જાતે જ પોતાની આત્મકથામાં સ્વીકાર્યું હતું કે 1996માં શ્રીલંકા સામે 37 બોલમાં સૌથી ઝડપી સદી ફટકારી ત્યારે તે 16 વર્ષનો નહીં પણ 19 વર્ષનો હતો. વધુમાં, પાકિસ્તાન દ્વારા ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કરીને અંડર-19 ટીમોમાં મોટી ઉંમરના ખેલાડીઓને રમાડવાના આરોપો અનેક વખત સાબિત થયા છે, જેના કારણે ઈન્ટરનેશનલ સ્તરે પાકિસ્તાન ઘણીવાર શરમમાં મુકાયું હતું.